## સંક્ષિપ્ત સમાચાર

### પ્રાંતિજમાં જ્વેલર્સ એસોસિએશન દ્વારા સાંસદને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સોની એસોસિએશન દ્વારા એક્સાઈઝ ડ્યુટી લાગુ કરવાના વિરોધણાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડને આવેદનપત્ર પાઠવ્યું હતું.

સરકાર દ્વારા ૧-૩-૨૦૧૬થી સોના ચાંદીના દાગીનાના વ્યવસાય ઉપર એક્સાઈઝ ડ્યુટી લાગુ કરવામાં આવતા તે નાબુદ કરવા માટે છેલ્લા કેટલાય દિવસોથી ભારત ભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો સાથે છેલ્લા કેટલાય દિવસોથી ધંધા રોજગાર બંધ પાડી એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ પાડીને બેઠા છે. ત્યારે તા. ૧૩-૩-૨૦૧૬ને રવિવારના રોજ પ્રાંતિજ સોની મિત્ર મંડળ દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડને એક્સાઈઝ ડ્યુટી રદ કરવા અંગે આવેદનપત્ર આપ્યું અને તેમની માંગણીઓ ઉપર સરકાર સુધી પહોંચાડવા રજૂઆતો કરી હતી.

### ધાનેરાના સરાલ ગામે મોડી રાત્રે ઝુંપડામાં આગ લાગતા અફરા તફડી

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના સરાલ ગામે મોડી રાત્રે ઝુંપડામાં આગ લાગતા અફરાતફડી મચી જવા પામી હતી. ફાયર ફાયટર દ્વારા આગ પર કાબુ મેળવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઝુંપડા સહીત માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. સરાલ ગામે રહેતા અરજણભાઈ જેશુંગભાઈ ભીલ નામના આધેડનું ઘર પૂર દરમ્યાન પાણીમાં તણાઈ જતા તે સરાલ ગામના વગડામાં ઝુંપડુ બનાવી પોતાના પરિવાર સાથે રહેતો હતો. પરંતુ આ ઝુંપડામાં કોઈ કારણોસર ગત મોડી રાત્રે અચાનક આગ ભભૂકતા ઝુંપડા સહીત માલસામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. ઝુંપડામાં આગ લાગતા ગામમાં પણ અફડાતફડી મચી જવા પામી હતી અને ઘટનાની જાણ ધાનેરા ફાયર ફાયટર અને પોલીસને કરતા ફાયર ફાયટર અને ધાનેરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા રેલી યોજી આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા સેવા સદન ખાતે મનરેગા યોજના હેઠળ ભ્રષ્ટાચાર અને હાલમાં સરકાર દ્વારા મનરેગા અંતર્ગત નાણા ન ચુકવવા સૂચનાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાંતિજમાં કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા પંચાયતથી રેલી કાઢી તાલુકા સેવા સદન ખાતે મનરેગા યોજના અંગે ભાજપ સાશિત રાજ્યોમાં ભ્રષ્ટાચાર તથા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં નાણાં ફાળવણીમાં મોટા પાયે ઘટાડા કરી છેલ્લા ૧૯ મહિનાના કેન્દ્ર શાસનમાં મનરેગા અંતર્ગત જાણી જોઈને કામગીરીમાં ઢીલાશ દાખવી મનરેગા અંતર્ગત નાણાં ન ચુકવવા સુચના આપી ભાજપ સરકારની નિતી ગરીબ વિરોધી જન વિરોધી છે. તે સંદર્ભે કોંગ્રેસ દ્વારા રેલી યોજી પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ. આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું.

# ડીસા માર્કેટયાર્ડ વેપારી એસોસિએશનના પ્રમુખપદે અરજણભાઈ પટેલની વરણી

ડીસા, તા. ૧૪

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ડીસા માર્કેટયાર્ડના વેપારી એશોસીએશનના નવિન હોદ્દેદારોની વરણી ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં વેપારી એશોસીએશનના પ્રમુખ



તરીકે વેપારી અગ્રણી પટેલ અરજણભાઈ ધરમાભાઈ સહિત કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના વેપારી એશોસીએશન ધી ગ્રેઈન એન્ડ સીડસ્ મરચન્ટ એશોસીએશનના હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કુલ ૪૪ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. જે અંતર્ગત વેપારી એશોસીએશનમાં ઈલેકશનની જગ્યાએ સીલેકશનની ભાવનાથી ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ સર્વાનુમતે હોદ્દેદારોની વરણી થાય તે દિશામાં પ્રયાસ હાથ ધરાતા સફળતા મળી હતી. જેમાં સર્વ વેપારીઓની સંમતિથી પ્રમુખ સહિત સમગ્ર કારોબારીના હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં ડીસા માર્કેટયાર્ડના વેપારી એશોસીએશનના પ્રમુખ તરીકે અરજણભાઈ ધરમાભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા, મંત્રી તરીકે રમેશકુમાર બાબુલાલ માળી અને ખજાનચી પદે સુરેશકુમાર બાબુલાલ શાહની સર્નાનુમતે બિનહરીફ વરણી થઈ હતી. નવિન વરાયેલ હોદ્દેદારોને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ શુભેચ્છાઓ પાઠવી ડીસા માર્કેટયાર્ડના વિકાસમાં સહભાગી બનવા અપિલ કરી હતી.

# ભિલોડા કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયુ

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા ભિલોડા મામલતદાર જી.કે.પટેલને આવેદનપત્ર અપાયુ હતું. આ પ્રસંગે બલભદ્રસિંહ ચંપાવત, કુંદનબેન ડામોર, ટી.કે.પાંડોર, મુકેશભાઈ પટેલ, મીરાબેન ખરાડી, ભાવેશભાઈ ત્રિવેદી, કંદર્પભાઈ પટેલ, ધાર્મિકભાઈ પટેલ, નટુભાઈ પરમાર, બાબુલાલ પરમાર સહિત ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો, કાર્યકરોએ જણાવ્યું હતું કે યુપીએ ચેરપર્સન સોનીયા ગાંધી, વડાપ્રધાન મનમોહનસિંઘના નેતૃત્વવાળી યુપીએ સરકારએ દેશના ગરીબ સામાન્ય પરીવારોને વિવિધ અધિકારો કાયદા સ્વરૂપે આપીને સશક્ત ભારતના નિર્માણમાં અહમ યોગદાન આપ્યું છે. કમનસીબે,ભાજપની સંકુચિત માનસિકતા ધરાવતી રાજય સરકારએ અન્ન સુરક્ષા અધિકાર કાયદાનો અમલ ન કરીને ૫૪ ટકા પરીવારો એટલે કે ૩.૨૫ કરોડ નાગરીકોને અન્ન સુરક્ષા અધિકારથી વંચીત રાખ્યા છે. રાજ્યમાં અન્ન-નાગરીક પુરવઠા વિભાગની ભ્રષ્ટાચારી રીત રસમોથી ગરીબ પરીવારોને ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીનના નિયમ મુજબ મળતા જથ્થામાંથી વંચીત રાખી રહ્યા છે. ગરીબોને નિયમ મુજબ મળવા પાત્ર જથ્થો કાળા બજારીયાઓ-સંગ્રહખોરો બારોબાર સગે-વગે કરી રહ્યા છે.

સ્થાનિક રોજગારી,૧૦૦ દિવસના કામનો અધિકાર કાયદા



સ્વરૂપે વિશ્વની ઐતિહાસિક રોજગારી આપતી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર મનરેગા યોજનાને ભાજપે સતત નકારાત્મક પ્રચાર કરીને ગરીબોના હક્કો,અધિકારો પર તરાણ મારી, સાથો સાથ ભાજપ શાસિત રાજ્યોમાં પણ મનરેગા યોજના અંતર્ગત મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. અસરકારક અમલીકરણ થઈ રહ્યું નથી. ગત વર્ષ કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારએ તાત્કાલીક અમલથી મનરેગા યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૪-૧૫ માં નાણાં ફાળવણીમાં મોટાપાયે ઘટાડો કર્યો હતો. છેલ્લા ૧૯ મહિનાના કેન્દ્રના શાસનમાં મનરેગા યોજના અંતર્ગત જાણી જોઈને કામગીરીમાં ઢીલાશ દાખવવામાં આવી રહી છે. રાજ્ય સરકારએ નાણાંના અભાવે સરકારી આદેશ કરીને મનરેગા યોજના અંતર્ગત નાણાં ન ચુકવવા સુચના આપી છે.

આમ સમગ્ર દ્દષ્ટીએ ભાજપ સરકારની નિતિ ગરીબ વિરોધી,જન વિરોધી છે તે સ્પષ્ટ થાય છે. અન્ન સુરક્ષા અધિકાર કાનુન હેઠળ લાભાર્થી ૫૪ ટકા એટલે કે ૩.૨૫ કરોડ નાગરીકોને લાભ અસરકારક અને તાત્કાલીક મળે. મનરેગા યોજના હેઠળ સ્થાનિક રોજગારી અસરકારક રીતે મળી શકે તે માટે તંત્ર ધ્વારા સત્વરે કામગીરી કરવા પ્રબળ લોકમાંગણી છે.

# ભાજપા સદસ્યતા નોંધણી અભિયાનની કામગીરી બાબતે હરેશ ચૌધરીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા

પાલનપુર, તા.૧૪

તા ૪ અને ૫ માર્ચ ના રોજ મથુરા મુકામે ભારતીય જનતા યુવા-મોર્ચાનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયેલ




જેમાં બનાસકાંઠા જીલ્લામાંથી જીલ્લા યુવા મોરચાના પ્રમુખ અમૃતભાઈ દવે, જીલ્લા યુવા મોરચાના મહામંત્રી હરેશ ચૌધરી, પ્રદેશ મંત્રી પ્રવીણભાઈ માળી, પ્રદેશ કારોબારી સદસ્ય દશરથસિહ સોલંકી, રામસીહ રાજપૂત, કૃણાલ ભટ્ટ, હરેશભાઈ ભટોળ, નરેશભાઈ ચૌધરી, દિવાકર જોષી, અશોકભાઈ પટેલ, કમલેશ દેસાઈએ ભાગ લીધેલ ત્યાર બાદ ગુજરાત રાજ્યના યુવા-મોર્ચાના કાર્યકર્તાની ટીમની શુભેછા મુલાકાત દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ સાથે તા ૮-માર્ચ ના રોજ લોકસભા સદનમાં રોખેલ. આ મુલાકાત દરમ્યાન પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, રાષ્ટ્રીય યુવા મોરચાના મહામંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી હિતેશભાઈ પટેલ તથા પ્રદેશ યુવા મોરચા ની ટીમ અને જીલ્લા ના પ્રમુખ મહામંત્રી હાજર રહેલ.

આ મુલાકાત દરમ્યાન બનાસકાઠા જીલ્લા યુવા મોરચાના મહામંત્રી અને સદસ્યતા નોધણીમાં સૌથી વધારે સભ્યો નોધનાર હરેશ ચૌધરીના કામથી પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી પ્રદીપસિહ વાઘેલાએ પ્રધાનમંત્રી શ્રી અને ભારતીય જનતા પાટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહને અવગત કરાવેલ. પ્રધાનમંત્રીશ્રીએ સદસ્યતા નોધણીમાં કરેલ કામ બાબતની નોધ લઈ જીલ્લા યુવા મોરચાના મહામંત્રી હરેશ ચૌધરીને અભીનંદન પાઠવેલ.

# મોડાસાની શ્રીનાથ સહકારી શરાફી મંડળીના નિવૃત્ત ચેરમેનનો સન્માન સમારંભ યોજાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં સહકારી ક્ષેત્રે આગવુ સ્થાન ધરાવતી શ્રીનાથ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. મોડાસાના સ્થાપનાકાળથી સતત ૧૮ વર્ષ સુધી ચેરમેન તરીકે સેવા આપી મંડળીને આર્થિક રીતે સદ્ધરતા અપાવનાર નિવૃત્ત ચેરમેન અરવિંદભાઈનો સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યુંહતુ. બાદમાં મંડળીની સ્થાપનાથી આજ દિન સુધીનો સદ્‌વિચાર પ્રગતિનો અહેવાલ મંડળીના મેને. ડીરેક્ટર્સ કિરીટભાઈ કે. શાહે આપ્યો હતો. તેમજ નિવૃત્ત ચેરમેનના સન્માન પત્રનું વાંચન મંડળીના મેને. ડિરેક્ટર્સ ડૉ. મુકેશભાઈ આર. શાહે કર્યુંહતુ. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા સહકારી બેંકના ચેરમેન અને જિલ્લા રજિસ્ટ્રારના હસ્તે અરવિંદભાઈને મોમેન્ટો તથા શાલથી અભિવાદન કરવામાં આવ્યું હતું. જાણીતા હાસ્ય ટી.વી. કલાકાર અજયભાઈ બારોટનો હાસ્ય દરબારનો કાર્યક્રમ રજૂ કરાયો હતો. આ સમારંભમાં મંડળીના ચેરમેન સુરેન્દ્રભાઈ શાહ, સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, એ.એસ. પટેલ, વ્રજેશભાઈ શાહ, નવિનચંદ્ર મોદી, વિનોદભાઈ શાહ, સુરેશભાઈ મહેતા, બિપીનભાઈ શાહ, મુકુન્દભાઈ શાહ, ઘનશ્યામભાઈ છુવાડ, કે.એમ. શાહ, મંડળીના મેનેજર દિપેશભાઈ શાહ તથા તમામ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ મંડળીના ડિરેક્ટર દિનેશભાઈ મહેતા દ્વારા કરવામાં આવી હતી.





## અંબાજી મંદિરમાં રાજકોટના શ્રદ્ધાળુ દ્વારા સવા કિલો સોનાનુ ગુપ્ત દાન

યાત્રાધામ અંબાજી ખાતે આજે રાજકોટના એક શ્રદ્ધાળુ દ્વારા સવા કિલો ઉપરાંત સોનાનું ગુપ્તદાન કર્યુ હતું. રાજકોટના આ શ્રદ્ધાળુઓ ૧ કિલો ૩૫૪ ગ્રામના સોનામાં માતાજીના હાથ બનાવ્યા હતા. જે આજે અંબાજી મંદિર ખાતે પુજાવિધિ કરીને રૂપિયા ૩૭.૯૧ લાખની કિંમતના માતાજીના બનાવેલા સોનાના હાથ ભટ્ટજી મહારાજને અર્પણ કર્યા હતા. આ દાતાએ પોતાના પરિવાર સાથે અંબાજી પહોંચ્યા હતા ને આ અગાઉ પણ આજ દાતા દ્વારા અંબાજી મંદિર ટ્રસ્ટને સવા કિલો સોનાનો છત્ર બનાવીને અર્પણ કર્યો હતો. આ દાન માતાજીની અશીમકૃપાથી જ અપાઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું ને પોતાની ઓળખ ગુપ્ત રાખીને આ દાન કર્યુ હતું. આજે અંબાજી મંદિરને મળેલા માતાજીના સોનાના હાથને અંબાજી નીજ મંદિરમાં માતાજીના શણગારમાં ગોઠવી દેવાતા શ્રદ્ધાળુના પરીવારમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા મોડાસામાં ધરણાનો કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા વર્તમાન એમ.ડી.એ સરકાર દ્વારા અન્ન સુરક્ષા અધિકાર કાનુન તથા મનરેગા બાબતે થતા અન્યાયને લઈને જિલ્લા કલેક્ટર કચેરી આગળ ધરણા યોજીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં કોંગ્રેસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસની મનમોહનસિંહની સરકારે ગરીબ-સામન્ય પરિવારોને બે ટંકનું ભોજન મળી રહે તે માટે ૫૪ ટકા પરિવારો એટલે કે ૩.૨૫ કરોડ નાગરિકોને અન્ન મળી રહે તે માટે કાયદો બનાવ્યો હતો. પણ વર્તમાન સરકારમાં ઘઉં, ચોખા, કેરોસીનનો પુરતો જથ્થો મળતો નથી. આ ઉપરાંત મનરેગા યોજનામાં ૧૦૦ દિવસ કામનો અધિકારમાં પણ ભાજપ શાસિત રાજ્યોમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જેનો અમલ પણ વ્યવસ્થિત થતો નથી અને નાણાં પણ સમયસર ચૂકવવામાં આવતા નથી. આ બાબતનો વિરોધ કરવા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી આગળ ધરણા યોજીને જિલ્લા કલેક્ટર સી. છાકછુવાકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### ઊંઝાના પમ્પીંગ સેન્ટરમાંથી ૮૨ હજારના વાયરોની ચોરી

ઊંઝા, તા. ૧૪

ઊંઝા હાઈવે પર આવેલ રેલવેના અગિયાર ગરનાળા નજીક આવેલ પમ્પીંગ સેન્ટરના શટરનું તાળુ તોડી અંદર પ્રવેશી કોઈ તસ્કરો કેબલ વાયર, કેબલ બોર્ડ, હેલોઝન, વીજમોટર મળી કુલ ૮૨ હજારની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી ગયા હોવાનો બનાવ બન્યો હતો.

ઊંઝા ખાતે ફોરલેન હાઈવે પર રેલવેના અગિયાર ગળનાળા પાસે પમ્પીંગ સેન્ટર આવેલ છે. ગઈરાત્રે કોઈ તસ્કરોએ આ પમ્પીંગ સેન્ટરના શટરનું તાળુ તોડી નાંખ્યું હતું. બાદ એ.ટી.એસ. નંગ-ચાર, હેલોઝન નંગ-૨ તેમજ ઈલેક્ટ્રીક મોટરની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૮૨ હજાર થવા જાય છે.

# ઉર્દુ ગુજરાત સાહિત્ય અકાદમીનો સાહિત્ય ગૌરવ પુરષ્કાર માટે મુસાફિર પાલનપુરીની પસંદગી

## "નહીં જો દાનત ભુંડી... તો આજે પણ આવે છે હુંડી" : મુસાફિર પાલનપુરી

પાલનપુર, તા.૧૪

સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા સાહિત્ય વિકાસ ઉત્કર્ષમાં પોતાના તેજસ્વી સાહિત્યસર્જન વિવેચન માટે ઉત્તમ પ્રદાન કરનાર બનાસકાંઠાના પાલનપુરના કવિ મુસાફિર પાલનપુરીની ઉર્દુ ગુજરાત સાહિત્ય અકાદમી ૨૦૧૪નો સાહિત્ય ગૌરવ પુરષ્કાર માટે પસંદગી કરાતા સમગ્ર વિસ્તારમાં ખુશીની લાગણી છવાઈ છે.

બનાસકાંઠાના જીલ્લા મથક પાલનપુર શહેરે દેશને અનેક નામાંકિત કવિઓ તેમજ લેખકોની ભેટ આપી છે, એ પછી શુન્ય પાલનપુરી હોય કે ચંદ્રકાન્ત બક્ષી. જો કે વર્ષોથી ફૂલો-અત્તરો અને કવિઓની નગરી તરીકે ઓળખાતા પાલનપુર શહેરના હાલના કવિ સિંધી અમીર મહંમદ દીનમહંમદ મુસાફિર પાલનપુરી ઉપનામ તરીકે ઓળખાય છે ત્યારે મુસાફિર પાલનપુરી ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ટુંક સમયમાં જાજરમાન કાર્યક્રમમાં મુસાફિર પાલનપુરીને સાહિત્ય ગૌરવ પુરષ્કાર માટે પસંદગી થતાં શહેરમાં ચોતરફ ખુશી વ્યાપી ગઈ છે.

મુસાફિર પાલનપુરીએ પોતાના સાહિત્યના છ દાયકા દરમિયાન ૧૫ જેટલા પુસ્તકો લખ્યા છે. જેમાં આગવી



ઉમીઓ, ગાંધીથી દિલ્લી સુધી, ઢાઈ અક્ષર, ખૂબ જ વખણાઈ હતી. તેમની એક અલગ અદાથી લખાયેલી પાલનપુરી બોલીકા બગીચા ખૂબ જ વખણાઈ હતી તથા ઉર્દુ ગઝલ હર લમ્હા ઈક તાજમહલ....પણ પ્રસિદ્ધ થઈ છે. વેધક શબ્દો ધરાવતી ગઝલની ઉંચાઈના કવિ મુસાફિરની સર્જકતાનુ મેઘધનુષ બનવા જઈ રહ્યું છે ત્યારે ટુંક સમયમાં ગાંધીનગરમાં યોજાનાર જાજરમાન કાર્યક્રમમાં મુસાફિર પાલનપુરીને આ શ્રેષ્ઠ એવોર્ડ એનાયત કરવામાં આવશે જેમાં ગુજરાત સાહિત્ય અકાદમિ દ્વારા એવોર્ડ સાથે રૂા. ૧ લાખ તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવશે.

વ્યવસાયે નિવૃત શિક્ષક મુસાફિર પાલનપુરીને સન ૧૯૯૮માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. વર્ષ ૨૦૦૫માં મીરજા ગાલીબ એવોર્ડ મળ્યો હતો જ્યારે ૨૦૦૫ માં જ તેમને ઉમાશંકર જોષી એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. મુસાફિર પાલનપુરીના શબ્દોમાં કહીએ તો હોય.. "નહીં જો દાનત ભુંડી...તો આજે પણ આવે છે હુંડી"...મુસાફિર કહે છે કે આ શબ્દો હંમેશા સાર્થક થતા રહેશે.

# પ્રાંતિજના વદરાડ-બાકરપુર માર્ગ પર જીપ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ



તલોદ હરસોલ રોડ ઉપર હરસોલ સાઈડથી આવતી જીત અને ટ્રેક્ટર વચ્ચે ધડાકા સાથે ગમખ્વાર અકસ્માત થતાં જીપમાં સવાર બે ને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને ૧૦૮માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ નવા બાકરપુર વદરાડ વચ્ચે ટ્રેક્ટર અને જીપ વચ્ચે ગંભીર અકસ્માત થતા જીપની આગળનો ભાગ ફૂરચો થઈ ગયો હતો. જ્યારે ટ્રેક્ટરના ટ્રેલરના ટાયર પણ ધરો સાથે ખેતરમાં જઈ પડ્યા હતા. જ્યારે જીપમાં સવાર રતનભાઈ ડામોર ઉં.વ. ૩૦ અલવર રાજસ્થાન તથા વિક્રમભાઈ કટારા ઉં.વ. ૨૧ ખાર ડુંગરપુર બન્ને વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે આજુબાજુમાં રહેતા લોકો તથા અવરજવર કરતા લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ને ફોન કરતા ૧૦૮ તાત્કાલિક ઘટનાસ્થળે આવી ઈજાગ્રસ્તોને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચાડ્યા હતા. જ્યારે ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને લઈ ટ્રાફિકની પરિસ્થિતિ સર્જાઈ હતી. પ્રાંતિજ પોલીસને પણ સમાચાર મળતા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી ટ્રાફિક હળવો કર્યો હતો.